# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગંદી-ગાલી-ગલોચ સાથે તીખા વ્યંગ થાય છે,
કાયદા-નીતિ-નિયમો મૂલ્યોના ભંગ થાય છે.
ઢંગ વિનાના નંગ, લડે જંગ, કરે છે દંગ -
ચૂંથાય ચરિત્ર ચહેરે કાળા રંગ થાય છે
(ચૂંટણી-ધૂળેટી)

## હાઇકુ

ઢૂંઢે બકરા!
તૈયાર થાય કોણ?!
મરવા માટે!
(કોંગી માં 'ઇંદ')

માન્યતા આપો!
હવે ગુન્હેગારો ને -
ઉમેદવારી..
(નિષ્કલંક મળે છે કયાં?!)

## ચિંતન

***વેદવ્યાસઃ સ નવ દશયો વેદ વેદાક્ષરાણિ શ્લોકં ત્વેકં પરિપઠતિ યઃ સ સ્વયં જીવ એવ ।***
***આપ સ્તંભઃ સ ઇહ કલયેત્સસ્યગૌપાસનં યઃ કષ્ટં શિષ્ટ ક્ષતિ કૃતિ કલૌ કાર્શ્યપૃચ્છન્તિ વિદ્યાઃ ॥***

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'કળિયુગની નિંદા' નો આ શ્લોક છે :

કળિયુગમાં દંભ અને દંભીઓનું જ મહત્ત્વ હોય છે. વેદના દસ-પંદર શ્લોક કંઠસ્થ કરી લે અને સભા-સત્સંગો શિબિરો ભરે એમાં આવા દંભી 'બાપુઓ' પોતાને ભગવાન 'વેદવ્યાસ' તરીકે જ ખપાવે છે અને જેને શાસ્ત્રોના એક-બે શ્લોક આવડતા હોય એ પણ પોતાને ગુરૂ સ્થાને સ્થાપી ખૂદ જ જાણે બૃહસ્પતિ હોય એવો દંભ ઊભો કરે છે.

પરંતુ આ કળિયુગમાં ખરેખર જેમ તપ-સાધના-ઉપાસના કરી જેણે સાચી વિદ્યા પ્રાપ્ત કરી છે તેને 'આપ સ્તંભ' (= મૂરખ કે વેદિયા જેવો) તરીકે ઓળખવામાં આવે છે.

ખરેખર! આ કળિયુગમાં સાચા-શિષ્ટ વિદ્વાનો અને વિદ્યાઓ કૃશ થઇ જાણે નાશવંત થઇ ગયા છે.

દંભી બાપુઓ અને મેલીવિદ્યાના તાંત્રિક ઉપાસક થોડી ઘણી સિદ્ધિ પ્રાપ્ત કરી કેવાં કેવાં દંભ કરી પોતાને 'કાનૂડો' અને 'ભગવાન' કહેવડાવી કેવા કેવા દુરાચાર કરે છે એ જગતે જાણ્યું છે. આ જ કળિયુગનો પ્રભાવ છે.

## સુવિચાર

- શિષ્ય દુર્લભ છે, ગુરૂ નહીં, સેવક દુર્લભ છે, સેવ્ય નહીં, જિજ્ઞાસુ દુર્લભ છે, જ્ઞાન નહીં, ભક્ત દુર્લભ છે, ભગવાન નહીં — ***એસ. ભટ્ટાચાર્ય***
- ભગવાન જગતગુરૂ હોવા છતાં પણ મનુષ્યને કદી ચેલો બનાવતા નથી, પરંતુ મિત્ર જ બનાવે છે — ***સુરેશ દલાલ***
- વાસ્તવિક ઉન્નતિ છે - સ્વભાવ શુદ્ધ થવો — ***રાજચંદ્ર***
- સંસારની કામનાથી પશુતાનો અને ભગવાનની કામનાથી મનુષ્યતાનો આરંભ થાય છે — ***હૃદય સૂત્ર***
- નિંદા ખરાબ એટલા માટે લાગે છે કારણ કે આપણે પ્રશંસા ચાહીએ છીએ, આપણે પ્રશંસા ચાહીએ છીએ તો વાસ્તવમાં આપણે પ્રશંસાને યોગ્ય નથી, કારણ કે જે પ્રશંસાને યોગ્ય છે તેનામાં પ્રશંસા માટેની ચાહના રહેતી નથી — ***ફાધર વર્ગીસ***
- જે આપણી પાસેથી ધન, સુખ, સુવિધા, માનપાન, પૂજા, સત્કાર વગેરે પણ ચાહે છે, તે આપણું કલ્યાણ કદી નહીં કરી શકે — ***વિવેકાનંદ***
- આત્મજ્ઞાન થવાથી માણસ પરિસ્થિતિ રહિત થતો નથી, પણ સુખદુ:ખથી રહીત થાય છે — ***જનકલ્યાણ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

'કંજૂસાઇ' અને 'કરકસર' તથા ઉદારતા-ઔદાર્ય અને 'ઉડાઉપણા' વચ્ચે ભેદ-તફાવત છે અને પાતળી પારદર્શક દિવાલ છે જો એને ઓળખવામાં ન આવે તો વ્યક્તિને ઓળખવામાં થાપ ખવાઇ જાય છે.

આજે આપણે વેદોનો સરળ ગુજરાતી અનુવાદનો અભ્યાસ કરી શકીએ છીએનો સર્વ યશ મુંબઇના શ્રી નરોત્તમ શેઠને જ આભારી છે.

જો કે નરોત્તમ શેઠની છાપ તેમનાં સમાજમાં અને વેપારી વર્ગમાં 'કંજૂસ' ની જ હતી. મંદિર બંધાવવાં ઘરનાં સામાજિક પ્રસંગોએ નાતવશ કરવામાં કદી પણ પૈસા ખર્ચતા નહીં. ટૂંકે જ પતાવે.

એકવાર શેઠ કોઇ ગંભીર બિમારીમાં પટકાયા વૈદ્યની-આયુર્વેદની દવા ચાલુ હતી. પણ ખાસ કંઇ અસર જણાતી ન હતી. સગાંવ્હાલાં એ તો મુંબઇની મોટી મોટી હોસ્પિટલમાં 'સ્પેશિયલ રૂમ'માં દાખલ થઇ સારવાર લેવા શેઠને ખૂબ સમજાવ્યા પણ શેઠ એકના બે ન થયા. કોઇએ તો વાત વાતમાં 'પૈસાનો મોહ' છોડી દવા કરાવવાનું સ્પષ્ટ પણ કહ્યું. શેઠ ન માન્યા.

ત્યાં, નાનપણનો એક પંડિત મિત્ર તબિયત જોવા આવ્યો અને પ્રવૃત્તિની વાત નીકળી. પંડિતે કહ્યું, 'વેદોનું ભાષાંતર કર્યું છે પણ છપાવવાના પૈસા નથી.'

શેઠે છપાવવાની તમામ જવાબદારી લઇ લીધી ને છપાઇ ગયા. લોકોને શેઠની હવે સાચી ઓળખ મળી.

Email - sureshchandrabhatt18@gmail.com

# સંસાર માર્ગને અજવાળવા એકાદ ડોકિયું પ્રગટાવાનો પુણ્ય પુરૂષાર્થ કરનાર સમાજ સમર્પિત સજ્જનોના ચારિત્ર્યની સુગંધ


## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં એવી વિશિષ્ટ વ્યક્તિઓ મળી આવે છે. જે પોતાના મૌલિક વિચારો, વિર્તન અને કાર્યો દ્વારા સમાજમાં નવો ચિલો ચાતરી જતા હોય છે. કેટલાક લોકો અન્યના બનાવેલા રસ્તે ચાલતા હોય છે. તેની નોંધ ખાસ કોઇ લેતું નથી. પણ અમુક વ્યક્તિઓ એવી હોય છે જે પોતે ચાલે ત્યાં રસ્તો બની જતો હોય છે. આવા વ્યક્તિઓ સમાજને નવો રાહ ચીંધે છે. પરંતુ કાળક્રમે તેમનાં કાર્યો અને સંઘર્ષ પર સમયની રેત ચડી જતાં તે ભુલાતાં જાય છે. ત્યારે આવાં ભુલાતા જતાં મહાન વ્યક્તિત્વો અને તેમનાં પુરૂષાર્થની નોંધ લેનારા પણ કોઇને કોઇ મળી જ આવે છે. કેમ કે આવા વ્યક્તિઓનાં જીવન ચરિત્રો ભાવિ પેઢી માટે પ્રેરણશ્રોત સમાન હોય છે.

હાં, આજે માટે તમને એક એવાં જ પુસ્તકની વાત કરવી છે. જેમાં સમાજ પ્રત્યે પોતાનો ધર્મ અદા કરનાર, વિવિધ ક્ષેત્રોમાં પોતાનું યોગદાન કરનાર ગૃહસ્થોનાં જીવનની ઝલક રજૂ કરવામાં આવી છે. જે સ્વશક્તિએ આગળ વધીને સંપત્તિવાન, વિદ્યાવાન, હિંમતવાન, બુદ્ધિવાન તરીકે જે કંઇ હાંસલ કર્યું તે તેમને સમાજને સમર્પિત કર્યું છે.

'સમાજના શ્રેષ્ઠીઓ' પુસ્તકના લેખન દોલત ભટ્ટ છે. આ પુસ્તકમાંથી પસાર થતાં સંસાર માર્ગને અજવાળવા માટે જેમણે એકાદ ડોકિયું પ્રગટાવવાનો પુણ્ય પુરૂષાર્થ કર્યો હતો એવા સમાજ સમર્પિત સજ્જનોનાં ચારિત્ર્યની સુગંધ પ્રસરાવતા ૪૩ જેટલા લેખો દ્વારા લેખકે આ સમાજ શ્રેષ્ઠીઓને બિરદાવ્યા છે. અહીં આપણને ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માની ક્રાંતિકારી ઝાંખી મળે છે તો શેટ રણછોડ દાસ ત્રિભુવન દાસના જીવન વિષે પણ કંઇક નવું જાણવા મળે છે. સર લાખાજીરાજ, હોય કે સર મંગળદાસ નાથુભાઇ નાઇટ તેમની વાત લેખક ખુબ આધારભૂત પુરાવા સહિત રજૂ કરે છે. ગવરીશંકર ઉદયશંકર, દીવાન શામળદાસ મહેતા, દીવાન રણછોડભાઇ ઉધયરામ કે શેઠ ત્રિભુવનદાસ વરજીવનદાસ, જે.પી. દરેકના જીવન અને પુરૂશાર્થને લેખકે પ્રેરક રીતે વર્ણવ્યો છે. દિ.બ. મણિભાઇ જશભાઇ ડો. મણિલાલ ભગત, શેઠ ચુનિભાઇ ચીનાઇ, મૂળચંદ આશારામ ઝવેરીને પણ પૂરતો ન્યાય અપાયો હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. કેટલાક મહાનુભાવોની વિગતો વધુ ન મળી હોય ત્યાં લેખો ટૂંકા છે. છતાં જે રીતે વાત કરવામાં આવી છે તે ખુબ જ મર્મ સ્પર્શી અને પ્રેરણાત્મક નિવડે તેવી છે. શેઠ ચુનિલાલ ચીનાઇ મુળચંદ આશારામ ઝવેરી, કલ્યાણરાય જે બક્ષી, રા.બ. શેઠ કેશવજી નથુભાઇ સેલર, શેઠ ગોકળદાસનાં વ્યક્તિત્વોને લેખકે સરસ રીતે ઉભાર્યા છે. સમસ્ત સોરઠીયા જ્ઞાતિની સેવા અને બોર્ડિંગો ચલાવનાર સેવાભાવી અને મિલનસાર સ્વભાવના રા. વૃન્દાવનદાસ ગોરધનદાસ શેઠ હોય કે પછી વીસા મોઢવણિક રણછોડભાઇ માણકી વાળા, સ્વ. મધુભાઇ ભટ્ટ હોય કે સામાજિક, આર્થિક, સાહિત્યિક તેમજ શિક્ષણ ક્ષેત્રે દીર્ઘદ્રષ્ટા કેશવપ્રસાદ દેસાઇ દરેકની લેખકે યોગ્ય મુલવણી કરીછે.




રાવબહાદુર હસિદાસ વિહારીદાસ દેસાઇ, પરોપકારી મહાજન શેઠ સારાભાઇ, સ્વ. શેઠ મણિલાલ રણછોડદાસ વિષેના લેખો અહીં આપણને મળે છે. તે ઉપરાંત વકીલ નવરોજજી પેસતનજી, શેઠ વીરચંદ દીપચંદ, બારોટ અમરસિંહજી, જેઠાલાલ પુરૂષોત્તમદાસ ભાલકિયાના જીવન પ્રસંગોને પોતાની આગવી શૈલીમાં આલેખ્યા છે. બાપુજી જગન્નાથ હોય કે છગનભા તેમનાં કાર્યોની સુંદર ઝાંખી આપણને મળે છે. ભાતીયા જ્ઞાતિના શેઠ દામોદર ઠાકરસી મુળજી હોય કે ખેડાવાડ બ્રાહ્મણ સાકરલાલ ગૌરી શંકર વ્યાસ, સર ચીનુભાઇ બેરોનેટ હોય કે દિવાલ ચર્તુભૂજ ભટ્ટ સૌને લેખકે સુંદર ન્યાય આપ્યો છે. સેવાભાવી નારીરત્નો પણ તેમાંથી બાકાત નથી. જેમ કે મંજુલાબેન દવેની રાજકીય કારકિર્દીથી માંડીને બાળ કલ્યાણ ક્ષેત્રે તેમનાં યોગદાનની નોંધ લેખક દ્વારા લેવામાં આવી છે. શેઠ મૂળજી ભવાનીદાસ, ડો. જેઠાલાલ વનમાળીદાસ વોરા, ડો. બહેરામજી નાણાવતી, શેઠ વરજીવદાસ, રાવ સાહેબ બલ્લુભાઇ, શેઠ જાદવજી કરમશી, મોતીલાલ મોહનલાલ ઝવેરી જેવાં જુદાં જુદાં ક્ષેત્રો અને વ્યવસાયો, રાજકારણ હોય કે સમાજસેવા, વકીલ હોય કે ડોકટર, શિક્ષણશાસ્ત્રી હોય કે જ્ઞાતિ માટે દાનનો ધોધ વહેવડાવનાર શ્રેષ્ઠી જેણે જે ક્ષેત્રે કંઇક કરી બતાવ્યું છે તેની પ્રેરણાત્મક નોંધ સાથે અહીં તેમની જીવનનાં સંઘર્ષમય પાસાંઓનું લેખકે માત્ર વર્ણન નથી કર્યું પણ તેમાંથી સાર ગ્રહણ કરવા માટેનું ભાથું પુરૂં પાડ્યું છે.

'સમાજના શ્રેષ્ઠીઓ' પુસ્તકના લેખક દોલત ભટ્ટ ગુજરાતના એક મોટા ગજાના વરિષ્ઠ સાહિત્યકાર છે. ઉપરાંત જીવન ચરિત્રકાર, ગીતકાર, નવલકથાકાર, લોક કથાકાર, ઇતિહાસ કથાકાર અને બાળ સાહિત્યકાર છે. તેમનું આખું નામ દોલતરાય વસંતરાય ભટ્ટ. તેમનો જન્મ તા. ૧૭-૩-૧૯૩૪ ના રોજ અમરેલી જિલ્લાના ચરખા ગામે થયો હતો. તેમનું વતન દેરડી (જાનબાઇ) જિ. અમરેલી છે. જગદ્ગુરૂ શંકરાચાર્ય તરફથી 'જનસેવાભૂષણ'ની ઉપાધિ પ્રાપ્ત કરનાર દોલતભાઇનું પત્રકારત્વ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. જેમાં સંદેશ, પ્રભાત, નવ સૌરાષ્ટ્ર, ફૂલછાબ, નૂતન સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્ર સમાચાર, જયહિંદ, તેમજ જનનાદ, કોંગ્રેસજન, સમાચાર સેવા (માહિતી વિભાગ) ના માનદ તંત્રી તરીકે પણ સેવાઓ આપેલી છે. જુદા જુદા સાહિત્ય પ્રકારોમાં ૧૧૦ થી વધુ પુસ્તકો પ્રગટ થયા છે. રાજકીય ક્ષેત્રે પણ કયાંક ચેરમેન તો કયાંક પ્રમુખ જેવાં પદો શોભાવનાર દોલતભાઇ ફિલ્મક્ષેત્રે સંવાદ લેખન તરીકે પણ સફળ રહ્યા છે. 'મનનો માણિગર' ફિલ્મનાં સંવાદો માટે તેમને કાગ એવોર્ડ અને મેઘાણી સુવર્ણચંદ્રક એનાયત થયેલો છે. તે ઉપરાંત તેમનાં પુસ્તકોને શિક્ષણ ખાતા તરફથી અને સાહિત્ય અકાદમીના પારિતોષિકો પણ મળેલાં છે. આકાશવાણી દૂરદર્શન પર તેમની મુલાકાતો અવારનવાર રજૂ થાય છે.

આવા બહુમુખી પ્રતિભા ધરાવતા ગાંધીનગરમાં સેક્ટર-૨૨ માં વસતાં આપણા વરિષ્ઠ સાહિત્યકાર દોલતભાઇ ભટ્ટનો આજે જન્મદિવસ છે. તે નિમિત્તે તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું અને સમાજના શ્રેષ્ઠીઓ પુસ્તકને આવકારૂં છું.

*સમાજના શ્રેષ્ઠીઓ*
*લેખક - દોલન ભટ્ટ*
*સંપર્ક સૂત્ર - ૯૮૨૫૫૨૬૨૫૫*
*પ્રકાશક - ગૂર્જન ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ*
*પૃષ્ઠ, ૧૭૨, કિંમત - રૂા. ૧૮૦/-*
*પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩*

# દાંપત્ય જીવનના પરિપાક રૂપે આપણા પરિવારમાં ઉત્તમ બાળકને શી રીતે જન્માવવું એ દરેક દંપત્તિએ જાણવું જોઈએ, આ શાસ્ત્રને અધિજનન શાસ્ત્ર કહે છે

## તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

- હર્ષદ પ્ર. શાહ

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે, 'બાળક સમાન પુરાતન કંઇ જ નથી. દેશ, કાળ, શિક્ષણ તથા પ્રણાલી અનુસાર મનુષ્યોમાં અનેક પરિવર્તનો થતાં રહ્યાં છે. પરંતુ બાળક તો હજારો વર્ષ પહેલાં જેવું હતું તેવું જ તેવું આજે પણ રહ્યું છે. અનંત આશ્ચર્ય સમું એ અપરિવર્તનીય બાળક સદીઓથી માનવીને ત્યાં નિરંતર જન્મ લેતું રહ્યું છે અને છતાંય સર્વપર્થમ દિને હતું તેટલું જ નૂતન અને સુકોમળ, એટલું જ સરળ અને મધુર એ આજે પણ છે.'

બાળજન્મ એક દિવ્ય ઘટના છે. નવા જીવનનું સર્જન એક અદ્ભૂત ચમત્કાર છે. પૃથ્વીના પટ પર આદિકાળથી ચાલતો આવેલો અને અનંતકાળ સુધી ચાલનારો આ ચમત્કાર છે. બાળજન્મની આવી વિરલ ઘટનાને ગુજરાતી સાહિત્યના સાક્ષર ધનસુખલાલ મહેતા આવી રીતે વર્ણવે છે...

"પ્રભુના જયોતિપુંજમાંથી એક કિરણ
છુટું પડી પૃથ્વી પડે પડ્યું.
પૃથ્વી પર મેં પનોતાં પગલાં માંડ્યાં;
હું જન્મ્યો."

બાળક પરમેશ્વરની એક દિવ્ય અને અલૌકિક કૃતિ છે.

પ્રત્યેક સ્ત્રીની ચાહના હોય છે કે તે માતા બને. એની કૃક્ષિ બાળકરત્નથી ઝળહળી ઊઠે... એના માતૃત્વના અમીજળને વહેવાનો માર્ગ મળે.

ફળદ્રુપ જમીન હોય, ઉત્તમ બીજ હોય, યોગ્ય સમયે એનું વાવેતર થયું હોય અને એને યોગ્ય ખાતર-પાણી કરવામાં આવે તો... સરસ પાક ઊતરે...

આચાર્ય રજનીશ કહે છે, 'એક દંપતી જયારે ઇશ્વરને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે છે ત્યારે તેનાં આંદોલનો વાતાવરણમાં ઉપર વિસ્તરે છે અને શ્રેષ્ઠ આત્માઓને તેનાથી સંકેત મળે છે. પતિ-પત્નીની ઇચ્છાશક્તિ તેને આકર્ષે છે અને તે અવતરણ માટે પ્રેરિત થાય છે.'

ડો. મેરી સ્ટોપ્સ પણ કહે છે, 'જો કોઇ દંપતિ પોતાના મનની સર્વોત્તમ અવસ્થામાં શ્રેષ્ઠ બાળકના આગમન માટે સૌંદર્યભરી તૈયારી કરે તો તેમને ખરેખર શ્રેષ્ઠ સંતાન મળી શકે છે.'

હા, આ નિર્વિવાદ સત્ય છે,
સાબિત થયેલું વૈજ્ઞાનિક તથ્ય છે.

આપણે... જેવું ઇચ્છીએ તેવું સંતાન જન્માની શકીએ. આવશ્કતા છે એ વિજ્ઞાન સમજવાની, ધીરજપૂર્વક બાલોપાસના કરવી, શુભ સંકલ્પો કરવાની, દેહ-મન-ચિત્તની શુદ્ધી કરવાની, અને પ્રભુના દિવ્ય અંશને... પ્રભુના પ્રેમપ્રસાદને પામવાની ઉત્કટતાની!

સ્વામી વિવેકાનંદ કહે છે, 'પતિ-પત્નીની સૌથી મહાન પ્રાર્થના તો એ જગતમાં પ્રચંડ શક્તિથી સભર આત્માને લાવવા માટેની છે.'

પણ, આવી પ્રાર્થના ત્યારે જ ફળે જયારે ઇશ્વરનું વરદાન પામેલી માતા નવ મહિનાના સમયનો સંસ્કારક્ષમ ઉપયોગ કરે. માતાની કૂખમાં પ્રવેશ પામેલા જીવ માટે તો એ નવ મહિનાની પાઠશાળા જ છે.

માતાની સ્વસ્થતા, નિર્ભયતા, ઉચ્ચ વિચારશીલતા અને આત્મવિશ્વાસ જ બાળકમાં શ્રેષ્ઠ ગુણોનું આરોપણ જન્મ પૂર્વે કરે છે.

ગર્ભકાળનું મહત્ત્વ મોટા ભાગની માતાઓ સમજતી ન હોવાને કારણે એ અત્યંત મહત્ત્વના સોનેરી સમયની પ્રત્યેક ક્ષણનો યોગ્ય ઉપયોક કરી શકતી નથી.... પરિણામે ઘણું પાણી નિરર્થક વહી જાય છે. આ સમયગાળામાં માતા જો ધારો તો પોતાના દિવ્ય પ્રેમનો અભિષેખ ગર્ભસ્થ શિશુ પર કરી એને અવર્ણનીય આનંદની અનુભૂતિ કરાવી શકે. રોજ પોતાના બાળકની સાથે સરસ... મધમીઠી વાતો કરીને, વહાલ કરીને એની સાથે આત્મીયતા સ્થાપી શકે છે. આત્મીયતા અને સુરક્ષાનું વાતાવરણ સર્જીને બાળકમાં સબ-સલામતનો ભાવ જગાડી શકે છે. એના નાજુક મન-હૃદય-બુદ્ધિ પર સંસ્કાર કરવાની આવી જ સાચી પ્રક્રિયા હોઇ શકે.

...પણ, આવું બધું કરવા અંગે માતાઓ પાસે પૂરતી સમજણ, પૂરતું જ્ઞાન ન હોવાને કારણે એ માટે પૂરતો સમય આપવાની સજગતા નિર્માણ થતી નથી.

અને થાય છે એવું કે માતાઓ બાળકના જન્મ પછી એના સંસ્કાર-સિંચનની ચિંતા શરૂ કરે છે. પણ ત્યારે તો બહુ મોડું થઇ ગયું હોય છે કારણ કે નવ મહિનાની પાઠશાળામાં એનું ૮૦ % જેટલું ઘડતર થઇ જતું હોય છે એનો લાભ લેવાનું એ ચૂકી જાય છે. પછી એ જીવનપર્યંત કયારેય થઇ શકતું નથી અથવા તો એટલા ઓછા સમયમાં એટલું બધું ઘડતર કરવાની તક કયારેક સાંપડતી નથી.

પોતાના બાળકના સંસ્કારલક્ષી, ચારિત્ર્યલક્ષી કે ભાવનાત્મક વ્યવહારોની ઊણપ જીવનભર અનુભવ્યા કરવી અને વ્યથાપૂર્ણ જીવન ગાળવું એના કરતાં આ નવ મહિનાના સમયની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરી લેવા જેવો છે એટલું મારું નમ્ર નિવેદન... મારી નમ્ર પ્રાર્થના આજની માતાઓ સુધી પહોંચાડવાનો મારો પ્રયાસ છે... અને એ માટે મારો આ લેખ છે.

માતા પોતાના મનમાં જેવું ચિત્ર ધારે છે તેવા જ રૂપ-રંગવાળું બાળક તેને પ્રસવે છે. પણ, દુઃખની વાત એ છે કે માતાઓ પૂર્વચિંતન કરીને આવાનારા બાળકનું પરિદ્દશ્ય - ચિત્ર નિર્માણ જ કરતી નથી. પરિણામે ગર્ભમાં ઉત્તમ, સત્ત્વશીલ આત્માનો પ્રવેશ થતો નથી અને ઉત્તમ સંતાનોનાં નિર્માણનું કાર્ય થતું નથી.

ગુજરાતને ઘણાં ઉત્તમ પુસ્તકોની ભેટ આપનાર સિદ્ધહસ્ત લેખક રતિલાલ બોરીસાગર એમનાં 'બાલવંદના' પુસ્તકમાં લખે છે, 'મા-બાપ હોવું' કંઇ અઘરી વાત નથી. મા-બાપ હોવું એ કેળવ જીવનશાસ્ત્રીય ઘટના છે. નોર્મલ-શારીરિક રીતે નોર્મલ સ્ત્રી-પુરૂષના લગ્નજીવનનું એ તદ્દન આનુષંગિક પરિણામ છે. પણ મા-બાપ 'થવું' એ કંઇ નાની-સૂની વાત નથી. દરેક નોર્મલ સ્ત્રી-પુરૂષ મા-બાપ હોઇ શકે, પણ દરેક મા-બાપ થઇ ન શકે - સહેલાઇથી થઇ ન શકે. મા-બાપ થવું એ તપ છે, સાધના છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રિયજનની પ્રેમની સ્મૃતિ અને તેનું રટણ એ દર્દનાક પીડાનો સામનો કરવા માટેનું એક ઔષધ હતું

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

વર્તમાનમાં દુ:ખના દરિયામાં ડૂબકી ખાવાનો વારો આવે, આરો-ઓવારો નજરે ન ચઢે, ક્ષિતિજ પર મોત મોં ફાડીને જ ઊભું હોય અને એ કોળિયો કરી જાય ત્યાં સુધી જો જીવવાનું જ હોય તો કયાં તણખલાં ઝીલીએ? કયા તપારાના આધારે જીવીએ તરીએ?

વિક્ટર ફ્રાંકલ 'મેન્સ સર્ચ ફોર મિનિંગ'માં દુ:ખનાં દરિયામાં ડૂબતા ડૂબતા કયાં કયાં તણખલા ઝાલી જીવી જઇએ તેના સુબોધ સ્વરૂપો નિર્દોષ કરે છે. જો તમે આ સૃષ્ટિને પ્રભુની રચના માનતા હો તો તમે પ્રભુમાં શ્રદ્ધા સેવી દુ:ખનો દરિયો તરી જવાનો ઇરાદો સેવો તે સ્વાભાવિક છે. પણ નાઝીઓનાં કોન્સનટ્રેશન કેમ્પમાં પ્રભુની વાત તો યાદેય ન આવે, માણસની માનવતાનું સ્મરણ ન થાય તેટલી હેવાનિયત પ્રવર્તતી હતી!

વિક્ટર ફ્રાંકલ લખે છે. 'હું સમજ્યો કે પ્રેમ એ જ મનુષ્યના જીવનનું પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેય હોઇ શકે. કાવ્યો, વિચારો અને માન્યતાઓએ કરેલા મહાન રહસ્યનો અર્થ હું આજે સમજ્યો.' 'મનુષ્યની મુક્તિ પ્રેમ દ્વારા પ્રેમમાં જ છે.' મને સમજાઇ ગયું કે જે વ્યક્તિ પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠી હોય તે પણ માત્ર અર્ધક્ષણ માટેય પોતાની પ્રિયતમાને યાદ કરે તો તે ધન્ય છે. નરી એકલતામાં જયાં વ્યક્તિ કશું જ રચનાત્મક કામ કરી શકે તેમ ન હોય, જયાં તેણે પોતાની પીડાઓ, સંતાપોને યોગ્ય રીતે, સન્માનપૂર્વક સહન કરવામાં જ સિદ્ધિઓ અનુભવ કરવાનો હોય ત્યાં પણ પોતાની પ્રિયતમાની છબિનું સ્નેહપૂર્ણ ચિંતન એને કશુંક પ્રાપ્ત કર્યાનો અનુભવ કરાવી શકે. મારા જીવનમાં પહેલી વાત મને આ શબ્દોનો અર્થ સમજાયો - દેવદૂતો એક, અનંત તેજમાં ચિરંતન તેજમાં ખોવાયેલાં હોય છે.'

પ્રિયજનનું સ્મરણ અને ચિંતન એ અમાસની રાતે ભરદરિયે ડૂબકી ખાતાને માટે કેવું તો પ્રબળ આલંબન હોય છે તેનો વિક્ટર ફ્રાંકલ ખ્યાલ આપતાં કહે છે. 'મારું મગજ હજી પણ મારી પત્નીની છબિની સાથે હતું. મને વિચાર આવ્યો. હું તો જાણતો પણ નથી કેએ જીવતી છે કે નહીં! હવે હું બરાબર સમજી ગયો હતો કે પ્રેમ પ્રેમપાત્રની શારીરિક ઉપસ્થિતિથી ખૂબ ઉપર હોય છે. પ્રેમનો ગહનમાં ગહન અર્થ વ્યક્તિના આત્મિક અસ્તિત્વમાં જ જડે છે. એનો અંતરતમ અસ્તિત્વને એનું પ્રિયપાત્ર સહેદે ઉપસ્થિત છે કે નહિ, જીવિત પણ છે કે નહિ એ બાબતનું જાણે મહત્ત્વ જ રહેતું નથી.'

વિકટ ફ્રાંકલને એક જ વાતની દૃઢ પ્રતીતિ હતી કે 'મારા પ્રેમ, મારા વિચારોની શક્તિ અને મારી પ્રિયતમાની છબિને કશું જ સ્પર્શી શકે તેમ નહોતું. ફ્રાંકલ કહે છે કે જો એ વખતે મને ખબર પડી હોય કે મારી પત્નીનું મૃત્યુ થઇ ચૂક્યું છે તો પણ મને લાગે છે કે મેં એ જાણકારીને જરા પણ વ્યગ્ર બન્યા વિના સ્વીકારી લીધી હોત. મારૂં એની છબિનું ચિંતન, મારી એની સાથેની માનસિક વાતચીત એવી જ તાદૃશ અને એવી જ તૃપ્તિકર રહી હોત. પ્રેમ મૃત્યુ જેટલો જ શક્તિશાળી છે.'

મોત સામે મોં ફાડીને ઊભું હોય, એક એક તસુ અંતર રોજ ઘટતું જતું હોય, માથે લટકતી તલવાર પડું પડું થઇ રહી હોય ત્યારે કયા સત્ત્વબળે ટકી રહેવાય? વિક્ટર ફ્રાંકલ પહેલા આધાર ભૂતકાળની સ્મૃતિઓ 'કારાવાસનું જીવન એટલું ખાલી, એટલું એકલવાયુ અને આધ્યાત્મિક રીતે એટલું ગરીબ હતું કે કેદી પોતાના આંતરિક જીવનને તીવ્રતર બનાવીને ભૂતકાળમાં સરી જતો હતો. જીવન જીવવા માટે એ જ એકમાત્ર શરણું હતું. વિતેલા સમયની સ્મૃતિઓ વિરાટ બનીને આવતી. કંઇ કઇ અવનવા સ્વરૂપો લઇને આવતી. હું મારા મનની અંદર મુસાફરી કરતો, ઘરને તાળા મારતો, ટેલિફોન પર વાતો કરતો, લાઇટ ચાલુ કરતો. અમારા વિચારો આવી આવી વાતો પર કેન્દ્રિત થઇ જતા અને એનું સ્મરણ માત્ર મને રડાવી દેતું.'

કપડાં સમયમાં આલંબન રહેતું પ્રેમના, ભૂતકાળના સંસ્મરણો. આ ઉપરાંત કલા એ પ્રકૃતિનાં સૌંદર્ય દર્શનથી થતો આનંદ પણ ટકી રહેવાનો પ્રયત્ન ઘણાં કેદીઓ કરતા. એ બંને સૌંદર્યના અનુભવથી કેદી પોતાના ભયાવહ સંજોગોને પણ ભૂલી જતો.

કોઇ એક કવિ, પ્રેમી અને ફિલસૂફ કે મનોવૈજ્ઞાનિક પ્રેમનું જેટલું ગૌરવ કરે, વિચારીને કલ્પનાથી અને તરંગોથી સૃષ્ટિ રચીને કરે તેવું અદકેરૂં ગૌરવ વિક્ટર ફ્રાંકલ પ્રેમનું એક ટકવા માટેનાં આધાર બળ તરીકે કરે છે.

વિક્ટર ફ્રાંકલ ઉમેરે છે, એક પ્રભાતના સમયે બધું જ શાંત હતુ. હું એ વખતે મારી પત્ની સાથે મૌન વાતચીત કરી રહ્યો હતો. મારું ધીમી ગતિએ થઇ રહેલાં મૃત્યુને સમજવાની કોશિશ કરી રહ્યો હતો. કદાચ હું મારી પીડાની તાર્કિકતા શોધવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. એ વિશેની મારી પરવશતાને તોડવાનો એક આખરી મરણિયો પ્રયાસ કરી રહ્યો હતો. મને લાગ્યું કે જાણે મારો આત્મા આ આશાહીન દુનિયાને છોડીને ઉપર જઇ રહ્યો છે. મારા મનમાં એક પ્રશ્ન જાગ્યો હતો. 'આ અસ્તિત્વનો કોઇ અંતિમ હેતું હોઇ શકે? મને વિજયપૂર્ણ ઉત્તમ મળ્યો.' 'હા એ જ ક્ષણે દૂર દેખાતા એક ફાર્મહાઉસમાં વીજળી ગોળા ચમકી ઉઠ્યો... બેવેરિયામાં એ ભૂખરા પ્રભાતમાં તમસોમાં જયોર્તિગમયનો સાક્ષાત્કાર! કલાકો સુધી એ બરફ આચ્છાદિત જમીનને પ્રેમથી ખોદતો રહ્યો.'

પ્રિયજનની પ્રેમની સ્મૃતિ અને તેનું રટણ એ દર્દનાક પીડાનો સામનો કરવા માટેનું એક ઔષધ હતું. બીજું ઔષધ રમૂજવૃત્તિ હતું. ફ્રાંકલ નોંધે છે કે 'રમૂજ એ ખુદનાં અસ્તિત્વને ટકાવી રાખવાના સંઘર્ષમાં, ટકી રહેવા માટેનું આત્માનું એક શસ્ત્ર છે. રમુજવૃત્તિ વ્યક્તિને પરિસ્થિતિ પરત્વે અળખામણું આપે છે. કોઇ પણ પરિસ્થિતિથી સહેજ ઉપર ઉઠવાની ક્ષમતા આપે છે. રમૂજવૃત્તિ કેળવવાનો પ્રયત્ન કરવો અને વસ્તુઓ, પરિસ્થિતિઓને હાસ્યપૂર્ણ નજર જોવી એ જીવન જીવવાની કલાનો કારગત કરવા માટે કેળવેલી એક યુક્તિ છે.'

મોત સામે મોં ફાડી ઊભું હોય ઉપર તલવાર લટકતી હોય એવી ક્ષણો લંબાતી જ જાય ને દિવસો મહિનાઓ મરણભયના ફંદામાં ભેરવાઇને જીવવાનું જીવતે જીવ મરવાનું હોય ત્યારે પ્રિયજનના પ્રેમનું સ્મરણ કળા અને પ્રકૃતિનાં સૌંદર્યનું દર્શન અને રમુજવૃત્તિ જ ડૂબતાને માટેનાં ઝાલવા જેવાં તણખલા સાબિત થાય છે.